# NATIONAL STUDENTS' UNION OF INDIA

Office : Rajiv Gandhi Bhavan, Ellisbridge, Ahmedabad-380 006
Web. www.nsui.in

Mallikarjun Kharge, President of AICC | Kanhaya kumar Incharge All India NSUI | Mr. Varun Chaudhary National President NSUI

NARENDRA SOLANKI
President
GUJARAT NSUI.
(M) : 76982 73604

તા.૦૧-૦૪-૨૦૨૫

# <u>પ્રેસનોટ</u>

- **વ્યાયામ શિક્ષકો ની માંગ ને ગુજરાત NSUIનુ સમર્થન**
- **ગાંધીનગર ખાતે વ્યાયામ શિક્ષકો ના સમર્થન માં આવેલ ગુજરાત NSUI ના ડેલિગેશન ની પોલીસ દ્વારા અટકાયત અને NSUI હોદ્દેદાર પર ભાજપ ના ઇશારે ખોટી પોલીસ ફરિયાદ**

જય ભારત સાથે જણાવવાનું કે, વર્તમાન ગુજરાતની ભ્રષ્ટ ભાજપ સરકાર સામે ગાંધીનગરમાં છેલ્લા કેટલાય દિવસથી વ્યાયામ શિક્ષકો પોતાની પડતર માંગને લઈને કાયમી ભરતીની માગ સાથે વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. એક તરફ ખેલો ગુજરાતની વાતો કરતી ગુજરાત સરકાર સામે વ્યાયામ શિક્ષકો ગાંધી ચિંધ્યા માર્ગે શાંતિપૂર્વક આંદોલન કરી રહ્યા છે તેમ છતાં ગુજરાતની સરકાર તેમની સામે આક્રમક બની વિરોધને દબાવવાનો પ્રયાસ કરી રહ્યાં છે. વ્યાયામ શિક્ષકોના સમર્થન મા ગાંધીનગર ખાતે આજ રોજ ગુજરાત NSUI પ્રમુખ નરેન્દ્ર સોલંકી અને ગુજરાત NSUI ના પ્રતિનિધિમંડળ એ વ્યાયામ શિક્ષકો ની માંગને સમર્થન આપ્યું હતું ત્યારબાદ સચિવાલય ગેટ નંબર 1 પર વિરોધ કરી રહેલા આંદોલનકારી શિક્ષકો ઉમેદવારો સાથે મળીને ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો જેમાં વિરોધ કરી રહેલા વ્યાયામ શિક્ષક ઉમેદવારો અને NSUI કાર્યકરો નું પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી જેમાં ઘર્ષણ પણ થયું હતું. આ ઘટના પછી ભાજપ ના ઇશારે NSUI ના હોદ્દેદાર પર ખોટી ફરિયાદ નોંધવામાં આવી હતી.

ગુજરાત NSUI દ્વારા આ પહેલા પણ ગુજરાત યુનિવર્સિટી ખાતે વિરોધ કરી વ્યાયામ શિક્ષકો ની માંગને સમર્થન આપ્યું હતું અને આજે પણ વ્યાયામ શિક્ષકો સાથે ગાંધીનગર માં સચિવાલય પાસે વિરોધ ના સમર્થન માં જોડાયા હતા અને આગળ પણ જ્યાં સુધી ન્યાય મળશે નહીં ત્યાં સુધી જોડાયેલા રહેશું .જો વ્યાયામ શિક્ષકોની કાયમી ભરતી કરવામાં નહીં આવે તો આવનારા દિવસોમાં NSUI સમગ્ર ગુજરાતમાં આંદોલન કરશે.

(હર્ષ ચૌહાણ)
પ્રવક્તા, એન.એસ.યુ.આઈ.,ગુજરાત પ્રદેશ

નરેન્દ્ર સોલંકી
પ્રમુખ, ગુજરાત પ્રદેશ એન.એસ.યુ.આઈ